### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનો વાર્ષિકોત્સવ







શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વાર્ષિકોત્સવ-૨૦૧૯ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈનામ વિતરણ અને શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે રાજ્યના જળ વ્યવસ્થાપન વિભાગના મંત્રી પરબતભાઈ પટેલ, અતિથિવિશેષ તરીકે સનદી અધિકારી ઉત્સવ પરમાર, ગાંધીનગર બિલ્ડીંગ એસોસિએશનના પ્રમુખ મુકેશભાઈ ચૌધરી, પીએસઆઈ વિષ્ણુભાઈ ચૌધરી અને યજમાન પદે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન આચાર્ય ડૉ. એમ એમ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. વાર્ષિક અહેવાલ ડૉ. લિના સ્વાદિયાએ રજૂ કર્યો હતો. ત્યારબાદ વર્ષ દરમિયાન અભ્યાસ ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારી વિદ્યાર્થિનીઓને ટ્રોફી, મેડલ, સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યાં હતાં. એ પછી વિદ્યાર્થિનીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રૉ. ભરતસિંહ રાવ અને સાંસ્કૃતિક મંત્રી નુઝહત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન, સંકલન અને પ્રસ્તુતિકરણની જવાબદારી ડૉ. લિના સ્વાદિયા, પ્રા. ગીતાબેન ચૌધરી, પ્રા. મુન્નાબેન ચૌધરીએ નિભાવી હતી. અંતે, આભારવિધિ ડૉ. રાકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.





ધ અર્થિંગ ગ્રુપ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી, ગીત-સંગીત સભર નાટક ‘‘આમી અસલ આદિવાસી, ઝાડી જંગલના રેહવાસી’’ નાટક કોલેજ કેમ્પસ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે, ભવન્સ ઓડીટોરીયમ, ખાનપુર, અમદાવાદ ખાતે અને મહાવીર નાટ્યગૃહ, થાણે, મુંબઈ ખાતે અસરકારક રીતે ભજવાયું હતું. જાણીતા અભિનેતા અને નાટ્યકાર એવા રાજુ બારોટ પણ અમદાવાદના શોમાં હાજર રહ્યા અને નાટકને વખાણ્યું. શહેરના દરેક પ્રેક્ષકને આ નાટક જોયા પછી ગામની યાદ આવી જાય છે અને પોતાના ગામ સાથેની યાદોમાં પણ ઘણીવાર ખોવાઈ જાય છે. પ્રેક્ષકોએ પણ આ નાટકને ખુબ માણ્યું અને વખાણ્યું. ઉપ કલાકારોએ મળીને નૃત્ય અને સંવાદથી આદિવાસી સંસ્કૃતિને આ નાટકમાં બખૂબી નિભાવી જાણી હતી.

## જન્મદિને વધામણી



કનુભાઈ પંચાલ



દેવીન્દ્રાબેન
ગોવિંદભાઈ સુથાર
મો. ૯૪૦૯૩ ૨૩૧૦૫



યશ્વી કે ચૌહાણ
મો. ૯૭૧૨૭ ૩૩૩૧૬



યુવરાજ
દિનેશકુમાર રાઠોડ
મો. ૯૮૯૮૭ ૩૦૬૨૭

# ફિનકેર બેન્ક દ્વારા વિદ્યાર્થીઓને એજ્યુકેશન કિટનું વિતરણ કરાયું




ગાંધીનગર, તા. ૧૭

ફિનકેર કમ્યુનિટી ડેવલપમેન્ટ ફાઉઉન્ડેશન દ્વારા ગાંધીનગરના ડભોડા ગામમાં ૫૦ જેટલા જરૂરિયાતમંદ બાળકોને ચોપડા, નોટબૂક, પેન્સિલ કિટ જેવી શિક્ષણ ઉપયોગી સામગ્રીનું નિઃશુલ્ક વિતરણ સીએસઆર મેનેજર તેજસભાઈ જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે પ્રાથમિક શિક્ષણ એ દરેક બાળક માટે આવશ્યક હોવાથી દરેક બાળકને શિક્ષણ પ્રાપ્ત કરવાની પૂરતી તક અને સાધન-સામગ્રી પ્રાપ્ત થયા તેવા ઉમદા હેતુથી સામાજિક જવાબદારીના ભાગરૂપે ફિનકેર દ્વારા આ ઉપક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો આ ઉપક્રમમાં જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે ફિનકેર બેન્ક દ્વારા ચાલુ નાણાંકીય વર્ષમાં ૧૦ હજારથી પણ વધુ જરૂરિયાતમંદ બાળકોને સ્કૂલ બેગ, એજ્યુકેશન કિટ જેવી શિક્ષણ ઉપયોગી સામગ્રીનું વિતરણ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યમાં કરવામાં આવ્યું છે.

# ફેસબુકના ભારતીય સંગીત કંપનીઝ સાથે કરાર યુઝર્સ મનપસંદ ગીતો હવે શેર પણ કરી શકશે

ગાંધીનગર, તા. ૧૭

મોટાભાગે તમે કોઈ ગીત સાંભળી રહ્યા છો અથવા તમને કોઈ ગીત ખૂબ પસંદ આવે છે. ત્યારે તમારું મન થતું હોય છે કે તેના વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મિત્રોને જણાવીએ અથવા કોઈ વિડીયો સાથે શેર કરો. ફેસબુકે આ સુવિધા માટે ઘણી ભારતીય સંગીત કંપનીઓ સાથે કરાર કર્યો છે. ફેસબુકે ગુરૂવારે એક નિવેદનમાં આ જાણકારી કનિદૈ લાકિઅ આપી છે. અકિલા કંપનીએ ટી-સીરીઝ મ્યૂઝિક અને યશ રાજ ફિલ્મ્સ સહિત ઘણી અન્ય ભારતીય સંગીત કંપનીઓ સાથે કરાર કર્યો છે. તેનાથી ઉપયોગકર્તાઓના ફેસબુક પર પોતાના પોસ્ટ અથવા વીડિયો સાથે સંગીતને શેર કરવાની સુવિધા મળશે. ઈસ્ટાગ્રામ અકીલા પર પણ લોકોને સુવિધા મળશે.

ફેસબુકે કહ્યું કે ‘આ સુવિધા રવિવાર શરૂ થઈ ગઈ છે. હવે ભારતીય ઉપયોગકર્તા હજારો લાઈસન્સ પ્રાપ્ત ભારતીય સંગીતને ફેસબુક પર પોતાની પોસ્ટ અને




વીડિયો સાથે શેર કરી શકે છે. આ તેને પોતાની પોસ્ટને વધુ અર્થપૂર્ણ તથા ખાસ બનાવવામાં મદદ કરશે.‘ આ ભાગીદારી પહેલાં ફેસબુક આ પ્રકારના ગીતોનો ઉપયોગ કરી બનાવવામાં આવેલા વીડિયો અથવા પોસ્ટ કોપીરાઈટ મામલાને હટાવી દે છે. ફેસબુકના ભારતીય બિઝનેસના નિર્દેશક અને ભાગીદારી પ્રમુખ મનીષ ચોપડાએ કહ્યું ‘અમે ભારતના સંગીત ઉદ્યોગની સાથે ભાગીદારીને લઈને ખૂબ ઉત્સાહિત છે. તેનો વિચાર બસ એ છે કે હિંદુસ્તાનમાં લોકો ફેસબુક અને ઈસ્ટાગ્રામ પર પોતાના વીડિયોમાં સંગીતને પણ સામેલ કરી શકશે.

અને મિત્રો તથા પરિવારના સભ્યો સાથે યાદગાર પળોને શેર અને અભિવ્યક્ત કરવાના ઘણા અન્ય વિકલ્પ આપશે. આ ભાગીદારી બાદ લોકો પોતાના વીડિયોમાં ‘ગલી બોય’ના ‘પોતાના ટાઈમ આવશે’ જેવા નવા ગીતોને લઈને ઘણા જૂના અને ક્ષેત્રીય ગીતોને પણ શેર કરી શકશો.

# ધમકી ?

॥ બીજો મણકો ॥

અત્યારે તો અમે તમને ન રોકી શકીએ, પણ વળતાં તમારે વઢવાણ ઊતરવું પડશે. અહીંના જુવાનીયાઓનું કામ ને તેમનો ઉત્સાહ જોઈ તમે ખુશ થશો. અમને તમારી સેનામાં જ્યારે માગશો ત્યારે ભરતી લઈ શકશો.‘

મોતીલાલની ઉપર મારી આંખ ઠરી. તેમના બીજા સાથીએ તેમની સ્તુતિ કરતા કહ્યું :

‘આ એ ભાઈ છે તો દરજી. પોતાના ધધામાં કુશળ છે તેથી રોજ એક કલાક કામ કરી દર માસે લગભગ રૂ. ૧૫ પોતાના ખરચ જોગ કમાય છે ને બાકી બધો વખત સાર્વજનિક સેવામાં ગાળે છે. અને અમને બધા ભણેલાને દોરે છે ને શરમાવે છે.’




પાછળથી હું ભાઈ મોતીલાલના પ્રસંગમાં સારી પેઠે આવ્યો હતો, અને મેં જોયું કે તેમની ઉપરની સ્તુતિમાં મુદ્દલ અતિશયોક્તિ નહોતી એ. સત્યાગ્રહાશ્રમ સ્થપાયો ત્યારે તે દર માસે થોડ દહાડા તો ભરી જ જાય. બાળકોને સીવવાનું શીખવે ને આશ્રમનું સીવવાનું કામ પણ કરી જાય. વીરમગામની વાત તો મને રોજ સંભળાવે. મુસાફરોની ઉપર પડાતી હાડમારી તેમને સારુ અસહ્ય હતી. આ મોતીલાલને ભરજુવાનીમાં બીમારી ઉપાડી ગઈ, ને વઢવાણ તેમના વિના સૂનું થયું.

રાજકોટ પહોંચતાં બીજે દિવસે સવારે હું પેલા મળેલા હુકમ પ્રમાણે ઈસ્પિતાલે હાજર થયો. ત્યાં તો હું અજાણ્યો નહોતો.દાક્તર શરમાયા ને પેલા તપાસનાર અમલદારની ઉપર ગુસ્સો કરવા લાગ્યા. મને ગુસ્સાનું કારણ ન લાગ્યું. અમલદારે તો પોતાનો ધર્મ પાળ્યો હતો. તે મને ઓળાખતો નહોતો, ને ઓળખે તોય જે હુકમ કર્યો તે કરવામાં તેનો ધર્મ હતો. પણ હું જાણીતો તેથી રાજકોટમાં મારે તપાસ કરાવવાને બદલે તપાસ કરવા માણસ ઘેર આવવા લાગ્યા.

ત્રીજા વર્ગના મુસાફરોની આવી બાબતોમાં તપાસ આવશ્યક છે. મોટા ગણતા માણસો પણ ત્રીજા વર્ગમાં ફરે તો તેમણે ગરીબોને લાગુ પડતા નિયમોને સ્વેચ્છાએ વશ વર્તવું જોઈએ, ને અમલદારોએ પક્ષપાત ન કરવો જોઈએ. (ક્રમશઃ)



‘સત્યના પ્રયોગો’માંથી સાભાર

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ દ્વારા શિયાળુ રમતોત્સવ અને બાલોત્સવની વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને નવાજવા માટે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રમતોત્સવની કુલ ૨૦ રમતોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે વિજેતા કુલ ૧૨૦ વિદ્યાર્થીઓને ઈનામો, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. બાલોત્સવમાં નૃત્ય, એકપાત્રીય અભિનય, ભજન, રંગોળી, સલાડ ડેકોરેશન, ફેશન સો, ફિલ્મી ગાયન સ્પર્ધાના વિજેતાઓ તેમજ શ્રુતલેખન, સુલેખન, વાચન, ચિત્ર જેવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનાં ઈનામપાત્ર કુલ ૮૫ વિદ્યાર્થીઓને પણ પારિતોષિક, પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. ટાટા બિલ્ડીંગ નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ તથા પ્રમાણપત્ર દ્વારા સન્માનવામાં આવ્યા હતા. સાથે સાથે નવનીત ડ્રોઈંગ કોમ્પિટીશનના કુલ ૯ વિજેતા વિદ્યાર્થીઓને નવનીત તરફથી ગિફ્ટ હેમ્પર અને શાળા પરિવાર તરફથી પ્રમાણપત્રોની ભેટ આચાર્ય દશરથભાઈ પટેલ, સુપરવાઈઝર અશોકભાઈ પટેલના વરદ હસ્તે ધરવામાં આવી હતી.